**Phone:**
220228 / 230068 / 224468
MO: 9428518890 / 9624630068
E-mail : dptco123@gmail.com
Website : http://dpthakker.com/

D.P.THAKKER & CO.
D.P.THAKKER & BROS.
TAX ADVOCATES
SHREE KUNJ, STATION ROAD,
PATAN (N.G.)

---

તારીખ ૦૧/૦૬/૨૦૨૨

ભાઈશ્રી,

ચાલુ નાણાંકીય વર્ષ સને ૨૦૨૨/૨૩ ના ઈન્કમટેક્ષ એડવાન્સ ટેક્ષ નો પ્રથમ હપ્તો તા.૧૫/૦૬/૨૦૨૨ સુધીમાં ભરવાનો છે. જે અંગેની ઉપયોગી માહિતી નીચે મુજબ છે.

(૧) વ્યક્તિ, HUF, ભાગીદારી પેઢી, L.L.P, કંપની વગેરેને તેમની ચાલુ વર્ષ ની અંદાજીત આવક ઉપરના ભરવાપાત્ર ટેક્ષમાંથી T.D.S બાદ કર્યા પછી જો રૂ. ૧૦,૦૦૦/- થી વધુ ઈન્કમટેક્ષ ભરવાનો થતો હોય તો તે ટેક્ષ એડવાન્સ ટેક્ષ સ્વરૂપે નીચે પ્રમાણે ભરવો પડે.

| **હપ્તાની તારીખ** | **ભરવાપાત્ર એડવાન્સટેક્ષ ની રકમ** |
|---|---|
| ૧૫/૦૬/૨૦૨૨ | ભરવાપાત્ર ટેક્ષ ના ૧૫% |
| ૧૫/૦૯/૨૦૨૨ | ભરવાપાત્ર ટેક્ષ ના ૩૦% |
| ૧૫/૧૨/૨૦૨૨ | ભરવાપાત્ર ટેક્ષ ના ૩૦% |
| ૧૫/૦૩/૨૦૨૩ | ભરવાપાત્ર ટેક્ષ ના ૨૫% |

(૨) **અંગત તથા HUF ને નીચે મુજબ ની આવક માફ છે.**

(૧) ૬૦ વર્ષની ઉંમર સુધીની વ્યક્તિ ને તથા HUF ને રૂ. ૨,૫૦,૦૦૦/- સુધીની આવક ટેક્ષ ફ્રી છે.

(૨) ૬૦ થી વધુ અને ૮૦ વર્ષ સુધીની વ્યક્તિને રૂ.૩,૦૦,૦૦૦/- સુધીની આવક ટેક્ષ ફ્રી છે.

(૩) સુપર સીનીયર સીટીઝન- જેમની ઉંમર ૮૦ વર્ષથી વધુ છે. તેમને રૂા.૫ લાખ સુધીની આવક ટેક્ષ ફ્રી છે.

(૪) ઉપરોક્ત (૧) અને (૨) માં લખેલ વ્યક્તિ તથા HUF ને તેમની કુલ આવક માંથી બાદ મલવાપાત્ર ડીડકશન જેવા કે LIC, PPF, મેડિકલેમ પ્રીમિયમ, પગાર માંથી બાદ મલતું રૂ.૫૦,૦૦૦/- નું સ્ટાન્ડર્ડ ડીડકશન, ભાડાની આવક માંથી મલતું ૩૦% નું ડિડકશન વિગેરે બાદ કર્યા પછી નેટ આવક રૂ. ૫ લાખ કે તેનાથી ઓછી રહેતી હોય તો કોઈ ઈન્કમટેક્ષ ભરવો પડે નહી પણ નેટ આવક રૂ.૫,૦૦,૦૦૦/- થી વધુ હોય તો સ્લેબ રેટ પ્રમાણે ટેક્ષ લાગે.( ૨.૫૦લાખ કે ૩ લાખ જે લાગુ પડતું હોય તેટલી આવક બાદ કરીને )

(૫) જેમને ઈન્કમટેક્ષ ના નવા દરનો લાભ લેવો હોય તેમને ઉપર (૪) માં લખ્યા મુજબના ડીડકશન બાદ મળે નહીં.

(૬) અંગત (Resident) ને જો નેટ આવક રૂા. ૫ લાખ સુધીની હોય તો ભરવાપાત્ર ટેક્ષમાંથી રૂા. ૧૨,૫૦૦/- નું રીબેટ બાદ મળશે.

(૩) **અંગત તથા HUF ને આવકમાંથી મુખ્યત્વે નીચેની રકમો બાદ મલે**

(૧) LIC, PPF, NSC, ટેક્ષ સેવર F.D, હાઉસીંગ લોનનો હપ્તો, બે બાળકોની ટ્યુશન ફી (ફક્ત અંગત ને), સુકન્યા સમૃદ્ધિ સ્કીમ વગેરેમાં કરેલ રોકાણ **રૂ.૧,૫૦,૦૦૦/-** સુધી.

(૨) કોઈપણ અંગત વ્યક્તિએ નેશનલ પેન્શન સ્કીમમાં **રૂ.૫૦,૦૦૦/-** સુધીનું રોકાણ કરેલ હોય તો તે રૂ. ૧,૫૦,૦૦૦/- ઉપરાંત માં બાદ મળે.

(૩) મેડિકલેમ ઈન્સ્યોરન્સ પ્રીમીયમ **રૂ.૨૫,૦૦૦/-** સુધી તથા સીનીયર સીટીઝનને **રૂ.૫૦,૦૦૦/-** સુધી

(૪) હેલ્થ ચેક-અપનો ખર્ચ **રૂ. ૫,૦૦૦/-** સુધી.

(૫) સીનીયર સીટીઝન વ્યક્તિ કે તેના સીનીયર સીટીઝન ફેમેલી મેમ્બર કે પેરેન્ટ્સ કે જેમનું મેડિકલેમ ઈન્સ્યુરન્સ પ્રીમીયમ ભરેલ ના હોય તો તેમની મેડિકલ ટ્રીટમેન્ટનો ખર્ચ **રૂ.૫૦,૦૦૦/-** સુધી બાદ મળશે.

(૬) 80-G ધરાવતી ચેરીટેબલ સંસ્થા ને આપેલા ડોનેશનના **૫૦%** રકમ (નેટ આવકની **૧૦%** ની મર્યાદામાં) બાદ મલે. પરંતુ **રૂ.૨,૦૦૦/-**થી વધુ રકમનું ડોનેશન રોકડેથી આપેલ હશે તો બાદ નહીં મલે.

(૪) **અંગત તથા HUF ને આવક ઉપર ભરવાનાં ઈન્કમટેક્ષ ના દર નીચે મુજબ છે.**

| આવક રૂા. | ટેક્ષ નો દર |
|---|---|
| રૂા. ૨,૫૦,૦૦૦ સુધી | માફ |
| રૂા. ૨,૫૦,૦૦૧ થી રૂા. ૫,૦૦,૦૦૦ સુધી | ૫% |
| રૂા. ૫,૦૦,૦૦૧ થી રૂા. ૧૦,૦૦,૦૦૦ સુધી | ૨૦% |
| રૂા. ૧૦,૦૦,૦૦૦ થી ઉપર | ૩૦% |

આવક જો રૂા.૫૦ લાખ થી વધુ હોય તો સરચાર્જ લાગશે. ટેક્ષ તથા સરચાર્જની રકમ ઉપર ૪% સેસ લાગશે .

(૫) **જેમને ઈન્કમટેક્ષના નવા દરનો લાભ લેવો હોય તેઓ કોઈ ડીડકશન બાદ ના માંગે તો નીચે મુજબના ઈન્કમટેક્ષના દર છે.** (INDIVIDUAL તથા HUF માટે)

| અ.નં. | આવકની વિગત | ટેક્ષ નો દર |
|---|---|---|
| ૧ | રૂા. ૨,૫૦,૦૦૦ સુધી | શૂન્ય |
| ૨ | રૂા. ૨,૫૦,૦૦૦/- થી રૂા. ૫,૦૦,૦૦૦/- | ૫% |
| ૩ | રૂા. ૫,૦૦,૦૦૦ થી રૂા. ૭,૫૦,૦૦૦/- | ૧૦% |
| ૪ | રૂા. ૭,૫૦,૦૦/- થી રૂા. ૧૦,૦૦,૦૦૦/- | ૧૫% |
| ૫ | રૂા. ૧૦,૦૦,૦૦૦/- થી રૂા. ૧૨,૫૦,૦૦૦/- | ૨૦% |
| ૬ | રૂા. ૧૨,૫૦,૦૦૦/- થી રૂા. ૧૫,૦૦,૦૦૦/- | ૨૫% |
| ૭ | રૂા. ૧૫,૦૦,૦૦૦/- થી વધુ | ૩૦% |

ઉપર પ્રમાણે ઈન્કમટેક્ષ ની જે રકમ થાય તેના ઉપર ૪ % સેસ લાગશે.

(૬) **ભાગીદારી પેઢીને ધંધાના બધા ખર્ચા, ભાગીદારોની મૂડીનું વ્યાજ તથા વર્કીંગ પાર્ટનરોનો પગાર બાદ કર્યા પછી જે નેટ નફો વધે તેના ઉપર ૩૧.૨૦% પ્રમાણે ઈન્કમટેક્ષ લાગે.**

દરેક વેપારીએ પોતાની પેઢીની / કંપનીની તથા ભાગીદારોની /ડાયરેક્ટરો ની કે પર્સનલ રીટર્નોની ચાલુ વર્ષની અંદાજીત આવકની તથા બાદ લેવાના ડીડકશન તથા મજરે લેવાની TDS ની માહિતી અમને તુરંત મોકલવી જેથી તેના ઉપરથી ભરવાપાત્ર એડવાન્સ ટેક્ષના પ્રથમ હપ્તાના ચલણો મોકલી શકાય.

કુશળ હશો

લી.

ધીરૂભાઈ-કનુભાઈ

પિયુષભાઈ-નિખિલભાઈ